પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૮૩ • કુલ પાના : ૪ • તારીખ : ૨૬-૦૭-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ પદના શપથ લીધા, મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી. રમનાએ ૧૫માં રાષ્ટ્રપતિ તરીકે શપથ દેવડાવ્યા

### તમારી આત્મિયતા, વિશ્વાસ અને તમારો સહયોગ, મારા માટે આ નવી જવાબદારીને નિભાવવા માટે મારી ખુબ મોટી તાકાત હશે

નવીદિલ્હી,

દ્રૌપદી મુર્મૂએ આજે દેશના ૧૫માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેઓ દેશના પહેલા આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન વી રમનાએ તેમને શપથ લેવડાવ્યા. મુર્મૂ ઓડિશાના રહીશ છે. તેઓ અગાઉ ઝારખંડના રાજ્યપાલ પણ રહી ચૂક્યા છે.

થપથગ્રહણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભા સભાપતિ એમ વેંકૈયા નાયડુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, મંત્રી પરિષદના સભ્યો, રાજયપાલ, મુખ્યમંત્રી, રાજનયિક મિશનના પ્રમુખ, સંસદ સભ્ય, સરકારના મુખ્ય અસૈન્ય અને સૈન્ય અધિકારીઓ સમારોહમાં સામેલ થયા હતાં સંસદના કેન્દ્રીય કક્ષમાં સમારોહના સમાપન બાદ રાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ ભવન માટે રવાના થયા હતાં અહીં તેમને એક ઈન્ટર સર્વિસ ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું

મુખ્ય ન્યાયમૂર્તિ એન વી રમનાએ દ્રૌપદી મુર્મૂને રાષ્ટ્રપતિ પદના શપથ લેવડાવ્યા. તેઓ ભારતના ૧૫માં રાષ્ટ્રપતિ બન્યા. તેઓ દેશના બીજા મહિલા રાષ્ટ્રપતિ છે, સર્વોચ્ચ બંધારણીય પદ સંભાળનારા તેઓ પહેલાં આદિવાસી મહિલા અને સ્વતંત્ર ભારતમાં પેદા થયેલા પહેલા રાષ્ટ્રપતિ છે.અત્રે જણાવવાનું કે રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં મુર્મૂએ વિપક્ષના જોઈન્ટ ઉમેદવાર યશવંત સિન્હાને હરાવીને જીત મેળવી છે. તેઓ આઝાદી બાદ પેદા થનાર પહેલા અને ટોપ પર પહોંચનારા સૌથી યુવા વયના રાષ્ટ્રપતિ છે.દ્રૌપદી મુર્મૂ ૨૫ જુલાઈએ શપથ લેનારા ૧૦મા રાષ્ટ્રપતિ છે વર્ષ ૧૯૭૭થી રાષ્ટ્રપતિ ૨૫ જુલાઈના રોજ શપથ લેતા આવ્યા છે. દેશના પહેલા રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ શપથ લીધા હતા. સર્વપલ્લી રાધાકૃષ્ણને ૧૩મે ૧૯૬૨ના રોજ શપથ લીધા હતા. બે રાષ્ટ્રપતિ ઝાકિર હુસૈન અને ફખરુદ્દીન અલી અહેમદ પોતાનો કાર્યકાળ પૂરો કરી શક્યા નહીં. કારણ કે તેમનું કાર્યકાળ દરમિયાન નિધન થઈ ગયું. છઠ્ઠા રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીએ ૨૫ જુલાઈ ૧૯૭૭ના રોજ શપથ લીધા. ત્યારથી ૨૫ જુલાઈએ જ્ઞાની જૈલસિંહ, આર વેંકટરામન, શંકર દયાલ શર્મા, કે આર



નારાયણન, એપીજે અબ્દુલ કલામ, પ્રતિભા પાટિલ, પ્રણવ મુખરજી, અને રામનાથ કોવિંદે આ તારીખે શપથ લીધા હતા.

દ્રૌપદી મુર્મૂએ શપથ લીધા બાદ સંબોધન કરતા કહ્યું કે જોહાર...નમસ્કાર...હું ભારતના સમસ્ત નાગરિકોની આશા- આકાંક્ષા અને અધિકારોના પ્રતિક આ પવિત્ર સંસદથી તમામ દેશવાસીઓનું પૂરેપૂરી વિનમ્રતાથી અભિવાદન કરું છું. તમારી આત્મિયતા, વિશ્વાસ અને તમારો સહયોગ, મારા માટે આ નવી જવાબદારીને નિભાવવા માટે મારી ખુબ મોટી તાકાત હશે. દ્રૌપદી મુર્મૂએ શપથ લીધા બાદ સંબોધન કરતા કહ્યું કે જોહાર...નમસ્કાર...હું ભારતના સમસ્ત નાગરિકોની આશા- આકાંક્ષા અને અધિકારોના પ્રતિક આ પવિત્ર સંસદથી તમામ દેશવાસીઓનું પૂરેપૂરી વિનમ્રતાથી અભિવાદન કરું છું. તમારી આત્મિયતા, વિશ્વાસ અને તમારો સહયોગ, મારા માટે આ નવી જવાબદારીને નિભાવવા માટે મારી ખુબ મોટી તાકાત હશે.

તેમણે કહ્યું કે ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ માટે ચૂંટવા બદલ હું તમામ સાંસદો અને તમામ વિધાનસભા સભ્યોનો હાર્દિક આભાર માનું છું. તમારો મત દેશના કરોડો નાગરિકોના વિશ્વાસની અભિવ્યક્તિ છે. મારી રાષ્ટ્રપતિ તરીકે દેશે એક એવા મહત્વપૂર્ણ સમયમાં પસંદગી કરી છે જયારે આપણે આપણી આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આજથી થોડા દિવસ બાદ દેશ પોતાની સ્વાધિનતાના ૭૫ વર્ષ પૂરા કરશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે મે મારી જીવનયાત્રા ઓડિશાના એક નાનકડા આદિવાસી ગામથી શરૂ કરી હતી. હું જે બેકગ્રાઉન્ડથી આવું છું ત્યાં મારા માટે પ્રાથમિક શિક્ષણ મેળવવું એ પણ એક સપના જેવું હતું. પરંતુ અનેક વિઘ્નો છતાં મારો સંકલ્પ દ્રઢ રહ્યો અને હું કોલેજ જનારી મારા ગામની પહેલી દીકરી બની. આ આપણા લોકતંત્રની જ શક્તિ છે કે તેમાં એક ગરીબ ઘરમાં પેદા થયેલી દીકરી, આંતરિયાળ આદિવાસી વિસ્તારમાં પેદા થયેલી દીકરી, ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચી શકે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે મે મારી જીવનયાત્રા ઓડિશાના એક નાનકડા આદિવાસી ગામથી શરૂ કરી હતી. હું જે બેકગ્રાઉન્ડથી આવું છું ત્યાં મારા માટે પ્રાથમિક શિક્ષણ મેળવવું એ પણ એક સપના જેવું હતું. પરંતુ અનેક વિઘ્નો છતાં મારો સંકલ્પ દ્રઢ રહ્યો અને હું કોલેજ જનારી મારા ગામની પહેલી દીકરી બની. આ આપણા લોકતંત્રની જ શક્તિ છે કે તેમાં એક ગરીબ ઘરમાં પેદા થયેલી દીકરી, આંતરિયાળ આદિવાસી વિસ્તારમાં પેદા થયેલી દીકરી, ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચી શકે છે.

## શપથ ગ્રહણ સમારોહ દરમિયાન સંથાલી સાડી, હવાઈ ચપ્પલ...દ્રૌપદી મુર્મૂની સાદગી, સરળતા ઊડીને આંખે વળગી




ક્લાસના મોનિટરથી લઈને દેશના સર્વોચ્ચ પદ પર પહોંચનારા દ્રૌપદી મુર્મૂની સાદગી આજે શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ઉડીને આંખે વળગી. આજે જ્યારે તેઓ દેશના સર્વોચ્ચ બંધારણીય પદ માટે શપથ લેવા માટે સંસદ ભવન પહોંચ્યા તો તેમની સાદગી બધાને સ્પર્શી ગઈ. સંથાલી સાડી, સફેદ હવાઈ ચપ્પનમાં તેમણે સંસદના કેન્દ્રીય કક્ષમાં દેશના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. ઓડિશાના મયૂરભંજ જિલ્લાથી રાયસીના હિલ્સની સૌથી મોટી ઈમારતમાં ડગ ભરનારા દ્રૌપદી મુર્મૂની સરળતામાં કોઈ જ કમી નથી આવી.

દ્રૌપદી મુર્મૂએ સંથાલી સાડી પહેરીને આજે રાષ્ટ્રપતિ પદના શપથ લીધા હતાં. સંથાલી સાડીઓના એક છેડે કેટલીક ધારીઓનું કામ હોય છે અને સંથાલી સમુદાયની મહિલાઓ તેને ખાસ અવસરે પહેરે છે. સંથાલી સાડીઓમાં બંને છેડે એક સમાન ડિઝાઈન હોય છે. આ ખાસ અવસરે મુર્મૂએ પણ આ જ પ્રકારની સાડી પહેરી. દેશના સર્વોચ્ચ પદ માટે શપથ લેનારા દ્રૌપદી મુર્મૂએ આ સમયે પણ સાદગી છોડી નહીં. સફેદ રંગની સાડી પર લીલા અને લાલ રંગની ધારીની ડિઝાઈન, સફેદ હવાઈ ચપ્પલ પહેરીને તેઓ સંસદના કેન્દ્રીય કક્ષમાં પહોંચ્યા. તેમને દેશના ચીફ જસ્ટિસ એનવી રમનાએ શપથ લેવડાવ્યા.

પરંતુ અનેક વિઘ્નો છતાં મારો સંકલ્પ દ્રઢ રહ્યો અને હું કોલેજ જનારી મારા ગામની પહેલી દીકરી બની. આ આપણા લોકતંત્રની જ શક્તિ છે કે તેમાં એક ગરીબ ઘરમાં પેદા થયેલી દીકરી, આંતરિયાળ આદિવાસી વિસ્તારમાં પેદા થયેલી દીકરી, ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચી શકે છે.

## સુપ્રીમ કોર્ટે મતદાર આઈડીને આધાર કાર્ડ સાથે લિંક કરવાની અરજી પર સુનાવણી કરવાનો ઈક્રાર કયો



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે મતદાર આઈડી સાથે આધાર લિંક કરવાના કેન્દ્રના નિર્ણયને પડકારતી કોંગ્રેસ નેતા રણદીપ સિંહ સુરજેવાલાની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ચૂંટણી કાયદામાં સુધારાને પડકારતી સમાન અરજી દિલ્હી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે તેથી અમે અરજીનો નિકાલ કરી રહ્યા છીએ. આધાર અને મતદાર આઈડીને જોડતા વિવાદાસ્પદ કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે, કોંગ્રેસના નેતા રણદીપ સિંહ સુરજેવાલાએ તેને રદ કરવાની માંગ કરી છે. અરજીમાં સુરજેવાલાએ કાયદાને ગેરબંધારણીય અને ગોપનીયતાના અધિકાર અને સમાનતાના અધિકારનું ઉલ્લંઘન ગણાવ્યું છે. કોર્ટે સોમવારે આ મામલે સુનાવણી કરી હતી. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. નોંધનીય છે કે વિરોધ પક્ષો તરફથી સતત વિરોધ થઈ રહ્યો છે. વિરોધ પક્ષો કહેતા આવ્યા છે કે અત્યારે દેશમાં આધાર સિસ્ટમમાં ઘણી ખામીઓ છે, જો તેને વોટર આઈડી કાર્ડ સાથે જોડવામાં આવે તો સૌથી વધુ નુકસાન ગરીબ મતદારોને થશે.' મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ મે મહિનામાં કહ્યું હતું કે મતદારો માટે આધારની વિગતો શેર કરવી સ્વૈચ્છિક હશે, પરંતુ જેમણે ન કર્યું હોય તેમણે 'પર્યાપ્ત કારણો' આપવાના રહેશે. રણદીપ સુરજેવાલાએ પોતાની અરજીમાં કહ્યું હતું કે ઈલેક્ટ્રોનિક ઈલેક્ટોરલ ફોટો ઓળખ કાર્ડના ડેટાને આધાર સાથે લિંક કરવાથી નાગરિકોના ગોપનીયતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થશે, જે ગેરબંધારણીય અને બંધારણની વિરુદ્ધ છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ઈલેક્ટ્રોનિક ઈલેક્ટોરલ ફોટો આઈડેન્ટિટી કાર્ડમાંના ડેટા સાથે આધાર ડેટાને લિંક કરવાથી મતદારોની વ્યક્તિગત અને વ્યક્તિગત માહિતી એક વૈધાનિક અધિકારીને ઉપલબ્ધ થશે.

મતદારોની ઓળખના આધારે મતદાનને ડરાવવા/નકારવાની શક્યતાઓ પણ વધારી શકે છે, એમ પિટિશનમાં જણાવાયું છે. કોંગ્રેસ કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવી રહેલા પગલા અંગે અવાજ ઉઠાવી રહી છે. તેના પર સતત સવાલો ઉઠી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી બાદ કોંગ્રેસ દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કરી શકે છે.

## ૧૦૦ કરોડમાં રાજ્યસભા અને રાજ્યપાલની સીટ આપવાની લાલચ આપનાર ગેંગનો પર્દાફાશ, ૪ની ધરપકડ

નવીદિલ્હી,

કેન્દ્રીય તપાસ એજન્સી (સીબીઆઈ)એ રાજ્યસભાની બેઠક તથા રાજ્યપાલ બનાવવાના નામે લોકો સાથે છેતરપિંડી કરી રહેલી એક દેશવ્યાપી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકીના સદસ્યો લોકોને મંત્રી પદ કે રાજ્યપાલના પદનું ખોટું વચન આપીને તેમના પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા સુધીની રકમ ખંખેરતા હતા.


આ સમગ્ર રેકેટ દેશના અનેક રાજ્યોમાં વ્યાપેલું હતું. સીબીઆઈએ તાજેતરમાં જ આ મામલે અનેક સ્થળોએ દરોડો પાડ્યો હતો અને કૌભાંડમાં સામેલ ૪ લોકોની ધરપકડ કરી લીધી છે. સીબીઆઈ અધિકારીઓના કહેવા પ્રમાણે દરોડા દરમિયાન આ રેકેટ સાથે સંકળાયેલો એક આરોપી ઓફિસર્સ પર હુમલો કરીને ફરાર થઈ ગયો હતો. અધિકારીઓ પર હુમલો કરવાના આરોપસર તેના સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અલગથી એફઆઈઆર નોંધાવાઈ છે.

સી.બી.આઈ. ની એફઆઈઆરમાં મહારાષ્ટ્રના લાતૂરના રહેવાસી કમલાકર પ્રેમકુમાર બંદગાર, કર્ણાટકના બેલગામના રવીન્દ્ર વિઠલ નાઈક, દિલ્હી-એનસીઆરના મહેન્દ્ર પાલ અરોડા, અભિષેક બૂરા તથા મોહમ્મદ એજાઝ ખાનના નામનો ઉલ્લેખ કર્યો છે.

એવો આરોપ છે કે, આ સમગ્ર રેકેટમાં સામેલ બંદગાર લોકોને પોતે સીબીઆઈનો વરિષ્ઠ અધિકારી છે તેમ કહીને ફસાવતો હતો. ઉપરાંત તે ઉંચા હોદ્દાઓ પર આસીન વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપર્ક હોવાનો પણ દાવો કરતો હતો. તેણે બૂરા, અરોડા, નાઈક અને ખાનને એવી કામગીરી સોંપી હતી કે, તેઓ એવા ગેરકાયદેસર કામ લઈને આવે જેના બદલામાં મોટી રકમ વસૂલી શકાય.

સી.બી.આઈ. ની એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે, આ રેકેટમાં લોકોને રાજ્યસભાની સદસ્યતા માટે બેઠકની વ્યવસ્થા કરવા, કોઈ રાજ્યના રાજ્યપાલ બનાવવા, કેન્દ્રીય મંત્રાલયો તથા વિભાગો અંતર્ગતના કોઈ સરકારી સંગઠનના અધ્યક્ષ બનાવવાની લાલચ આપવામાં આવતી હતી. તેના બદલામાં લોકો પાસેથી ભારે મોટી રકમ વસૂલવામાં આવતી હતી.

## બાપ્પાને પણ કમરતોડ મોંઘવારી નડી ગણેશજીની મૂર્તિમાં ૪૦થી ૧૦૦ ટકાનો ભાવ વધારો ઝીંકાયો



અમદાવાદ,

મોંઘવારી લોકોના ઘરમાં પહોંચી છે, જેની સાથે જ હવે આવનારા તહેવારો પર પણ મોંઘવારીની અસર જોવા મળશે. જેમાં બે વર્ષ બાદ ધામધૂમથી ગણેશોત્સવની તૈયારી કરતા ગણેશ ભક્તોને શ્રીજીની માટીની પ્રતિમા ગત વર્ષો કરતા ૫૦ ટકાથી પણ વધુ મોંઘી ખરીદવી પડશે. જેને કારણે ગણેશજીની માટીની પ્રતિમા બનાવતા મૂર્તિકારો મંદીની માર સહન કરી રહ્યા છે. ત્યારે આ વર્ષે ગણેશ મંડળોમાં કોરોના બાદ ગણેશોત્સવ ઉજવવાનો ઉત્સાહ તો છે, પણ મોંઘવારીએ બજેટ બગાડતા નિરાશ થયા છે.

વર્ષોથી પશ્ચિમ બંગાળથી કારીગરો માટીની ગણેશ પ્રતિમા બનાવવા વર્ષોથી ગુજરાત આવતા હોય છે. ગણેશોત્સવના ૫ મહિના પૂર્વે આવી જતા હોય છે. પરંતુ સરકારી ગાઈડલાઈન અનુસાર આ વર્ષે ૪ ફૂટની અને માટીની જ પ્રતિમા બનાવવાની હતી. જેથી બંગાળી કારીગરો મોટી પ્રતિમા બનાવી ન શકતા, તેમને મુશ્કેલી વેઠવી પડી હતી. કારણ મોંઘવારીની મારને કારણે શ્રીજીની પ્રતિમા બનાવવા માટે લાવતા ગંગા માટીનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધી ગયો છે. બે વર્ષ અગાઉ ૬૫ હજાર રૂપિયા ટ્રાન્સપોર્ટેશન થતું હતું, એ આજે લાખ કે ૧.૦૫ લાખ પર પહોંચ્યુ છે. જ્યારે ઘાસની ૮૫૦ રૂપિયાની એક ગાંસડીના આજે ૨ હજાર રૂપિયા થયા છે. જેની સાથે કારીગરોના પગાર સાથે અન્ય ખર્ચ કાઢવો મૂર્તિકારો માટે અઘરો પડે છે. જેથી મૂર્તિના ભાવમાં ૪૦ થી ૧૦૦ ટકાનો વધારો થયો છે.

બીજી તરફ રાજય સરકાર દ્વારા ગણેશ પ્રતિમાની ઉંચાઈ પરનો પ્રતિબંધ હટાવી દેતા, ગણેશ મંડળો હરખાયા છે. પણ મૂર્તિકારો ગણેશોત્સવને દોઢ મહિનો બાકી હોઈ, ઉંચી પ્રતિમા બનાવવા અસમર્થતા દર્શાવી રહ્યા છે. કારણ વરસાદી માહોલમાં મૂર્તિને સુકવવામાં ઘણી મુશ્કેલી પડે છે. જેથી જ્યાં ૧૦૦ પ્રતિમા બનતી હતી, ત્યાં ૫૦ થી પણ ઓછી પ્રતિમાઓ બની છે, જેને કારણે મૂર્તિકારો મંદીનો અનુભવ કરી રહ્યા છે.

કોરોનાના બે વર્ષો બાદ તમામ પ્રતિબંધો હટતા શ્રીજી ભક્તોમાં આ વર્ષે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેમાં પણ ૪ ફૂટની ગણેશ પ્રતિમાના સ્થાપન કરવાના પ્રતિબંધને રાજય સરકારે હટાવતા ગણેશ મંડળો મોટી ગણેશ પ્રતિમાઓ બનાવવાના પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ મૂર્તિકારો દોઢ મહિનામાં મૂર્તિ કેવી રીતે બનાવે એની દ્વિધામાં પડ્યા છે. જોકે તેમ છતાં ઘણા મંડળોએ મૂર્તિકારોને મનાવી વધુ રૂપિયા ખર્ચીને પણ ૮ થી ૧૨ ફૂટની પ્રતિમાઓ બનાવડાવી છે. શ્રીજી ભક્તોએ પણ મોંઘવારી છતાં ધામધૂમથી ગણેશોત્સવ ઉજવવાની તૈયારી કરી છે. જોકે ૩૦ હજારમાં પડતી ગણેશ પ્રતિમા આ વખતે ૫૦ થી ૬૦ હજારમાં થઈ રહી છે. એમાં પણ પ્રતિમાની ડિઝાઈન ઉપર પણ પ્રતિમાનો ભાવ વધી જાય છે. તેમ છતાં ગણેશ મંડળોએ હોંશે હોંશે શ્રીજીની ઉંચી પ્રતિમા બનાવડાવી છે. કોરોના બાદ અતિશય વધેલી મોંઘવારીએ લોકોની કમર તોડી છે, ત્યારે ગણેશોત્સવમાં મોંઘી શ્રીજી પ્રતિમાનું પણ ભાવપૂર્વક સ્થાપન કરી ભક્તો ગણેશ ભક્તિમાં લીન થશે.

## ચીને પ્રથમ લેબ મોડ્યુલ વેન્તિયાનનું સફળ પ્રક્ષેપણ કર્યું

બીજીંગ,

ચીને પોતાના નિર્માણાધીન અંતરિક્ષ કેન્દ્રના પ્રથમ લેબ મોડયુલને સફળતાથી પ્રક્ષેપણ કર્યું હતું.ચીનની અંતરિક્ષ એજન્સીના અનુસાર દક્ષિણી દ્વીપીય પ્રાંત હેનાનના તટ પર સ્થિત વેનચાંગ અંતરિક્ષ યાન પ્રક્ષેપણ સ્થળથી લોંગ માર્ચ-૫બી વાય ૩ રોકેટ વેન્તીયાન રવાના થયું હતું.જે વેન્તીયાનનો અર્થ થાય છે સ્વર્ગની ખોજ.નવું મોડ્યુલ મૂળ મોડ્યુલના કામ ન કરવાની સ્થિતિમાં તેની જગ્યા લેશે.

આ સાથે તિયાનગોંગ અંતરિક્ષ કેન્દ્રમાં શકિતશાળી વૈજ્ઞાનિક પ્રયોગશાળા તરીકે કામ કરશે.ચીનના તિયાનગોંગ અંતરિક્ષ કેન્દ્રનું નિર્માણ આ વર્ષે પુરું થવાની આશા છે,ત્યારબાદ એકલ મોડ્યુલ સંરચનાથી ત્રણ મોડ્યુલવાળા રાષ્ટ્રીય અંતરિક્ષ પ્રયોગશાળામાં બદલાઈ જશેતેમાં મૂળ મોડ્યુલ તિઆન્હે અને લેબ મોડ્યુલ વેન્તિયાન અને મેંગિયાન સામેલ છે.તિઆન્હે એપ્રિલ ૨૦૨૧માં મોકલાયું હતુ અને મેંગ્તિયાન મોડ્યુલ આ વર્ષે ઓકટોબરમાં મોકલાશે.જે અંતરિક્ષ પ્રયોગશાળા સ્થાપિત થશે.

## ઉત્તર ગુજરાતમાં ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

હિંમતનગર,

રાજ્યમાં ચોમાસું જામ્યું છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મન મૂકીને વરસ્યા પછી હવે વરસાદ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૩૩ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જોકે હવામાન વિભાગ દ્વારા હજુ પણ બે દિવસ ઉત્તર ગુજરાત અને કચ્છમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ વાપીમાં સાત ઈંચ વરસાદ વરસ્યો છે. વિભાગે રાજ્યમાં અનેક જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે.

સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નર્મદા ડેમની સપાટીમાં ૧.૭૫ મીટરનો વધારો થયો છે. હાલ નર્મદા ડેમની જળસપાટી ૧૨૫.૭૯ મીટરે પહોંચી છે. ડેમમાં હાલ ૨.૯૨ લાખ ક્યુસેક પાણીની આવક થઈ છે. મધ્ય પ્રદેશના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમના પણ તમામ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે.

રાજ્યમાં વરસેલા સારા વરસાદને પગલે ગિરનાર સોળે કળા ખીલી ઊઠ્યો છે. ગીર સોમનાથમાં. જમજીર ધોધનાં નયનરમ્ય દ્રશ્યો સર્જાયાં છે, જેથી અહીં મોટી સંખ્યામાં પર્યટકો પણ ઊમટી પડ્યા છે. આ તરફ અરવલ્લીના ભિલોડામાં આવેલા સુનસર ધોધમાં પણ પ્રવાસીઓ ધસારો છે. હવામાન વિભાગે વધુ ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે, જેમાં પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદ અને ખેડામાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

જે. આર. રાઠોડ

તરફથી અભીનંદન....

મુ. અંબાલા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઘી દાંતોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી

તરફથી અભીનંદન....

મુ. કાનપુર જોખાફળીયા-
નવાનગર, તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

## સોનિયા ગાંધીની મંગળવારે ઈડી ફરી કરશે પૂછપરછ, કોંગ્રેસ દેશભરમાં પ્રદર્શન કરવા તૈયાર

નવી દિલ્હી,

ઈડીએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ મામલાની તપાસમાં સામેલ થવા ૨૬ જુલાઈએ બોલાવ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની પૂછપરછના દિવસે એકવાર ફરી કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. મંગળવારે દિલ્હીમાં રાજઘાટ સહિત તમામ રાજ્યોની રાજધાનીમાં ગાંધી પ્રતિમાની નજીક કોંગ્રેસ કાર્યકર્તા ધરણા કરશે.

પહેલાની જેમ કોંગ્રેસ સાંસદ સંસદ ભવનમાં પ્રદર્શન કર્યા બાદ પાર્ટી મુખ્યાલય જશે અને ઈડી ઓફિસ સુધી માર્ચનો પ્રયાસ કરશે. ઈડીએ સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ મામલાની તપાસમાં સામેલ થવા માટે નવુ સમન્સ પાઠવ્યું હતું. જે અનુસાર તેમને ૨૪ જુલાઈની જગ્યાએ ૨૬ જુલાઈએ રજૂ થવાનું કહ્યું હતું. આ પહેલા પાછલા ગુરૂવારે સોનિયા ગાંધીની ઈડીએ પૂછપરછ કરી હતી. આ પૂછપરછ લગભગ ત્રણ કલાક ચાલી હતી. તે દિવસે પણ કોંગ્રેસ તરફથી જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે ઈડીની કાર્યવાહીને રાજકીય બદલો ગણાવ્યો અને તેની નિંદા કરી હતી. કોંગ્રેસ કાર્યકર્તાઓએ પૂછપરછ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ ઘણા કોંગ્રેસ નેતાઓને કસ્ટડીમાં લીધા હતા.

હવે ૨૬ જુલાઈએ થનારી પૂછપરછ માટે કોંગ્રેસ પાર્ટીએ તમામ રાજ્ય એકમોને ૨૬ જુલાઈએ શાંતિપૂર્ણ સત્યાગ્રહ આયોજીત કરવાનું કહ્યું છે. તમામ સાંસદો, એઆઈસીસી મહાસચિવ અને વર્કિંગ કમિટીના સભ્યોને દિલ્હીમાં આયોજીત થનાર સત્યાગ્રહમાં ભાલ લેવાનું કહ્યું છે. આ મામલામાં ઈડી કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ઘણા દિવસ સુધી પૂછપરછ કરી ચુકી છે. આ દરમિયાન પણ કોંગ્રેસે ખુબ હંગામો કર્યો હતો અને પોલીસે ઘણા વરિષ્ઠ નેતાઓને કસ્ટડીમાં લીધા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના વાજ્યા ખુદ ગામે વરસાદના કારણે કાચું મકાન તૂટી પડ્યું : મકાનમાં રહેલા પરિવારનો બચાવ થયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાનો વાગ્યા ખુદ ગામે ડબોડી ફળિયામાં રહેતા માલ કાંતિભાઈ કમજીભાઈ પોતાના મકાનની અંદર પરિવાર સાથે રહેતા હતા. રાતના સમયે દમદાર વરસાદ પડી રહેલો હતો. ત્યારે મકાનની અંદર કાચા મકાન માંથી દિવાલ તૂટી પડી હતી અને એક સાઈડનું આખું છાપરૂં બેસી ગયું હતું અને આખો પરિવાર આવી ઘટના બનતા જ ખૂણામાં એક સાઈટ આખી રાત બેસી રહ્યા પરંતુ કોઈ પણ પ્રકારની જાનહાનિ થયેલ નથી. આ ઘટનાની તંત્રને જાણ થતા તલાટી સરપંચ સહિત સ્થળ ઉપર જઈને પંચ કેસ પણ કરેલો હતો, પરંતુ આવા કાચા મકાનના કારણે ગ્રામ્ય વિસ્તારના પરિવારને જીવના જોખમી રહી રહ્યા છીએ હજુ પણ સંતરામપુર તાલુકાના સંખ્યાબંધ ગામમાં સરકારના વડાપ્રધાન આવાસ યોજના થી વંચિત રહેલા છે. આવા ગરીબ પરિવારને સુવિધા મળે તેવી આશા રાખીને પણ બેઠા છે. ગામની અંદર મકાન પડી જતા જ દોડધામ મચી ગઈ હતી. આજુબાજુના ગામના લોકો પણ દોડી આવ્યા હતા, પરંતુ મકાનના એક બાજુ સૂર્ય હોવાના કારણે મકાનમાં રહેતા તમામ પરિવારનો આબાદ બચાવ થયેલો હતો.

# યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજ્યના યુવક-યુવતીઓ માટે નિઃશુલ્ક હિમાલય ભ્રમણ કાર્યક્રમનું આયોજન

મહિસાગર,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની માઉન્ટ આબુ ખાતે કાર્યરત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા દ્વારા સંભવિત તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨થી તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન નિઃશુલ્ક હિમાલય ભ્રમણનું આયોજન કરવામાં આવનાર છે, જેમાં માટે ભાગ લેવા ઈચ્છુક ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓએ તા. ૪ થી ઓગસ્ટ, ૨૦૨૨ સુધીમાં અરજી કરવાની રહેશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનરની યાદીમાં જણાવ્યા અનુસાર હિમાલય ભ્રમણ ટુકડીમાં જોડવવા ઈચ્છતા યુવક-યુવતીઓએ નિયત અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે. અરજીમાં પોતાનું પુરૂં નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત (ધોરણ-૧૨ પાસનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ) વગેરે દર્શાવવાનું રહેશે. તદ્ઉપરાંત અરજીની સાથે શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતિ, ખડક ચઢાણનો કોચિંગ કોર્ષ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર સામેલ હોવું જરૂરી છે. માઉન્ટ આબુ/જુનાગઢ ખાતે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન માનદ્ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી હોય તો તેની વિગતો દર્શાવવાની રહેશે. સંપૂર્ણ વિગતો સાથેની અરજી તા.૦૪/૦૮/૨૦૨૨ સુધીમાં આચાર્ય, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, માઉન્ટ આબુ૩૦૭૫૦૧ને નિયત તારીખ સુધીમાં મોકલી આપવાની રહેશે તથા શારીરીક કસોટી માટે ઉમેદવારને બોલાવવામાં આવે ત્યારે સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારોની લાયકાત અને ગુણવત્તાના આધારે પસંદગી કરાશે. પસંદગી પામેલ ઉમેદવારોને તેમના વતનથી હિમાલય ખાતેના ભ્રમણ સ્થળ સુધી જવા-આવવાના પ્રવાસ અને ભોજન ખર્ચ તેમજ નિવાસ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે. અન્ય વ્યક્તિગત સાધનસામગ્રીની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. પસંદગી પામેલ ઉમેદવારને તેની જાણ કરવામાં આવશે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનરની યાદીમાં જણાવાયુ છે.

# વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત બેંક મારફતે નાણાંકીય લોન / સહાય મેળવવા ઓફીશીયલ પોર્ટલ પરથી જ અરજી કરવા અનુરોધ

લુણાવાડા,
કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી અંતર્ગત ઉદ્યોગ ધંધા વેપાર કરવા ઈચ્છતા અરજદારો માટે બેંક મારફતે નાણાંકીય લોન સહાય આપવા વાજપાઈ બેંકેબલ યોજના અમલમાં છે. જો કે કેટલાક કિસ્સામાં અરજદારને યોજનાની સંપૂર્ણ માહિતી ન હોવાને કારણે નાગરિકો છેતરપિંડીનો ભોગ બની રહ્યા હોવાની બાબત ધ્યાને આવી છે. વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત બેંક મારફતે નાણાંકીય લોન/સહાય મેળવવા ઓફીશીયલ પોર્ટલ પરથી જ અરજી કરવાકુટિર અને ગ્રામોદ્યોગ કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. રાજ્યના નાગરિકો છેતરપીંડીનો ભોગ ન બને તે માટે ઉદ્યોગ/સેવા/વેપાર કરવા ઈચ્છતા લોકોને બેંકો મારફતે નાણાંકીય લોન/સહાય આપતી વાજપાઈ બેંકેબલ યોજનાની સંપૂર્ણ માહિતી www. cottage. gujarat.gov.in પર આપવામાં આવી છે. કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી દ્વારા નાગરિકોને સતર્ક-સાવચેત રહેવા પણ સુચના અપાઈ છે.

કુટિર અને ગ્રામોદ્યોગ કચેરીની યાદીમાં જણાવાયુ છે કે, આ યોજનાનો લાભ લેવા માટે અરજદાર ઓનલાઈન પોર્ટલ https:// blp.gujarat.gov.in/ ઉપર જઈ Bankable Loan Registrations લીંક ઉપર ઓનલાઈન વિનામૂલ્યે અરજી કરી શકશે. જો ઓનલાઈન પોર્ટલ ઉપર અરજી કરવામાં મુશ્કેલી જણાય તો આપના જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરવો. એટલુ જ નહિ, આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ એજન્ટની નિમણૂક કરવામાં આવી નથી. કોઈ વ્યકિત લાંચની માંગણી કરે તો તાત્કાલીક લાંચ રૂશ્વત વિરોધી કચેરીનો સંપર્ક કરવા પણ યાદીમાં વધુમાં જણાવાયુ છે.

# દ્રૌપદી મૂર્મુજી રાષ્ટ્રપતિ બનતા સંતરામપુર ટાઉન હોલ ખાતે મંત્રી ડો.કુબેરભાઈ ડીડોર ની ઉપસ્થિતિમાં અભિનંદન કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
રાષ્ટ્રના સર્વોચ્ચ પદ પર એક આદિવાસી મહિલા દ્રૌપદી મૂર્મુ જીની પસંદગી થવાથી દેશભરમાં ઉત્સવનો માહોલ છે ત્યારે ગુજરાતમાં જીતની ઉજવણી કરતા મહિસાગર જિલ્લાની સંતરામપુર ટાઉન હોલ ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીડોર ની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય વિજય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીડોર જણાવ્યુ હતુ કે દ્રૌપદી મૂર્મુજી ભારતના પ્રથમ મહિલા આદિવાસી રાષ્ટ્રપતિ બનતા આજની તારીખે આપણા દેશ માટેની ઐતિહાસિક ક્ષણ છે. દ્રૌપદી મૂર્મુજી એ આપણા દેશનુ ગૌરવ છે. દરેક કચેરી,શાળા-કોલેજોમાં દ્રૌપદી મૂર્મુજીની ફોટો મુકવો જોઈએ. દ્રૌપદી મૂર્મુ રાષ્ટ્રપતિ બનતા પુરા દેશમા ખુશીનો માહોલ છે.

આદિવાસી પરંપરાથી સુશોભિત આ કાર્યક્રમ થકી દ્રૌપદી મૂર્મુજીને અભિનંદન પાઠવ્યા હતા.અને ફટાકડા ફોડી, ઢોલ નગારા સાથે ઉત્સવ રેલી કાઢવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અગ્રણી બાળુભાઈ શુકલ, અગ્રણી દશરથસિંહ, સંતરામપુર મામલતદાર સંગાડા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન, તાલુકા પંચાયત પ્રમુખ સહિત મોટી સંખ્યામા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લાના નાગરિકોની સુરક્ષા-સુવિધા માટે ઈ-એફઆઈઆર સહિતની ચાર સુવિધાઓનો પ્રારંભ

દાહોદ,
રાજયના નાગરિકોની સલામતી માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે વધુ ચાર ટેકનોલોજી આધારિત સુવિધાઓનું લોકાર્પણ ગત રવિવારે કરાયું હતું. ત્યારે દાહોદનાં જિલ્લા પોલીસ તાલીમ ભવન ખાતેથી જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા સહિતના પોલીસ અધિકારીઓ તેમજ પોલીસકર્મીઓ આ કાર્યક્રમમાં ટેકનોલોજીના માધ્યમથી સહભાગી થયા હતા.

જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ કેન્દ્રીય ગૃહમંત્રીએ લોકાર્પિત કરેલી ચાર નવી સેવાઓ-સુવિધાઓ વિશે વિગતે વાત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ ગાંધીનગરથી ગુજરાત પોલીસના સીટીઝન ફર્સ્ટ એપ અને પોર્ટલ ઉપર ઈ-એફઆઈઆર સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તે ઉપરાંત સીસીટીવી કેમેરા આધારિત સર્વેલન્સ સિસ્ટમ માટે રાજ્ય કક્ષાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર-ત્રિનેત્ર ખુલ્લું મૂકવામાં આવ્યું છે. રાજયમાં માનવ તસ્કરી અને બાળ તસ્કરી સહિતના ગુનાઓ પર અંકુશ લાવવા અને આવા ગુનાઓનું ઝડપી ડિરેકશન થાય તેવા ઉદ્દેશ સાથે લાવવા એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ માટે ૪૦- જીપ અને ૪૦ બાઈક મળી કુલ-૮૦ વાહનોનું ફ્લેગ ઓફ કરવામાં આવ્યા છે. ગુજરાત પોલીસને આપવામાં આવેલા ૧૦,૦૦૦ બોડી વોર્ન કેમેરાનું રાજ્ય વ્યાપી રોલ આઉટ કરાયું છે.

આ વેળાએ એએસપી જગદીશ બાંગરવા, ડીવાયએસપી એસ.જે. બેન્કર, લીમખેડા ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, તમામ પોલીસ ઈન્સપેકટરઓ, પીએસઆઈઓ સહિતના પોલીસ કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ મોટી ખરજ પી.એચ.સી. ખાતે સ્ત્રીઓ માટે મેડીકલ કેમ્પનું આયોજન



દાહોદ,
દાહોદ તાલુકાનાં મોટી ખરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા સ્ત્રીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૭૧સગર્ભા બહેનો તપાસ કરવામાં આવી જેમાં ૦૫સગર્ભાને FCMના ઈન્જેકશન આપવામાં આવ્યા. ૧૦સગર્ભા બહેનને આર્યન સુક્રોઝ ના બોટલ ચઢાવવા આવ્યા. ૦૩ બહેનોનું હિમોગ્લોબિન ૭%થી ઓછું હતું ૫૮ સગર્ભાનું હિમોગ્લોબિન ૮ થી ૧૦% હતું. ૬૫ સગર્ભાનું હિમોગ્લોબિન ૧૦ થી ૧૧% હતું. ૪૫ સગર્ભાનું હિમોગ્લોબિન ૧૧% થી ઉપર હતું અને ૩૬ સગર્ભા બહેન જેનો પહેલીવાર ડિલિવરી થવાની છે. ૦૩ ખિલખિલાટ વાન સગર્ભા બહેનોને લેવા મુકવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ, તમામ સગર્ભા બહેનો પોષણ અને લીલા પાંદડાંવાળા શાકભાજી વધુ લેવા એના વિશે વિગતવાર માહિતી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પરથી આપવામાં આવી હતી.

# લીમખેડા ખાતે ઉજ્જ્વલ ભારત, ઉજ્જ્વલ ભવિષ્ય કાર્યક્રમ યોજાશે

દાહોદ,
દાહોદના લીમખેડા મોડલ સ્કુલ ખાતે આવતી કાલે સવારે ૧૦.૩૦ કલાકે ઉજ્જ્વલ ભારત ઉજ્જ્વલ ભવિષ્ય કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાની અધ્યક્ષતામાં યોજાશે. ગુજરાત સરકારનાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમ વિદ્યુત ક્ષેત્રે થયેલી પ્રગતિ અને વર્ષ ૨૦૪૭ સુધીની અપેક્ષાઓ વિશે છે. કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા સહિતના પદાધિકારીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ

# ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી, ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટરની મુલાકાત લેશે

નવીદિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી), ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટરની મુલાકાત લેશે

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીઃ શ્રીમતી નિર્મલા સીતારમણ, કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના પ્રધાન; કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી અને ડો. ભાગવત કિશનરાવ કરાડ પણ ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી, તેમની મુલાકાત દરમિયાન, ભારતમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રોમાં નાણાકીય ઉત્પાદનો, નાણાકીય સેવાઓ અને નાણાકીય સંસ્થાઓના વિકાસ અને નિયમન માટે એકીકૃત નિયમનકાર, ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટીના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ કરશે. આઈએફએસસીએના મુખ્ય મથકની ઈમારતને આઈકોનિક સ્ટ્રક્ચર તરીકે પરિકલ્પના કરવામાં આવી છે, જે અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે ગિફ્ટ આઈએફએસસીની વધતી જતી વિશેષતા અને કદને પ્રતિબિંબિત કરે છે.

પ્રધાનમંત્રી ગિફ્ટ આઈએફએસસીમાં ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ લોન્ચ કરશે. **IIBX** ભારતમાં સોનાના નાણાકીયકરણને વેગ આપવા ઉપરાંત જવાબદાર સોર્સિંગ અને ગુણવત્તાની ખાતરી સાથે કાર્યક્ષમ ભાવ શોધની સુવિધા આપશે. આનાથી ભારત વૈશ્વિક બુલિયન માર્કેટમાં તેનું યોગ્ય સ્થાન મેળવવા અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાને અખંડિતતા અને ગુણવત્તા સાથે સેવા આપવા માટે સશક્ત બનશે. આ મુખ્ય ઉપભોક્તા તરીકે વૈશ્વિક બુલિયનના ભાવને પ્રભાવિત કરવામાં ભારતને સક્ષમ બનાવવા માટે ભારત સરકારની પ્રતિબદ્ધતાને પણ પુનઃ લાગુ કરે છે.

પ્રદાનમંત્રી **NSE IFSC-SGX** કનેક્ટનું પણ લોન્ચિંગ કરશે. આ કનેક્ટ હેઠળ, સિંગાપોર એક્સચેન્જ લિમિટેડના સભ્યો દ્વારા મૂકવામાં આવેલા **NIFTY** ડેરિવેટિવ્ઝ પરના તમામ ઓર્ડર્સ **NSE-IFSC** ઓર્ડર મેચિંગ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ પર રૂટ કરવામાં આવશે અને મેચ કરવામાં આવશે. આ કનેક્ટ **GIFT-IFSC** પર ડેરિવેટિવ માર્કેટ્સમાં તરલતાને વધુ ઊંડું કરશે, વધુ આંતરરાષ્ટ્રીય સહભાગીઓને લાવશે અને **GIFT-IFSC**માં નાણાકીય ઈકોસિસ્ટમ પર હકારાત્મક અસર કરશે. ભારતમાંથી બ્રોકર-ડીલર્સ અને સમગ્ર આંતરરાષ્ટ્રીય અધિકારક્ષેત્રોમાં કનેક્ટ દ્વારા ડેરિવેટિવ્ઝના વેપાર માટે મોટી સંખ્યામાં ભાગ લેવાની અપેક્ષા છે. પ્રધાનમંત્રીની મુલાકાત દરમિયાન અન્ય કેટલીક મહત્વની જાહેરાતો પણ કરવામાં આવશે.

# વડોદરામાં બેંકમાં પાણી ભરાયા : બેંક ઓફ બરોડાના લોકર રૂમમાં વરસાદી પાણી ઘૂસ્યા



વડોદરા,
વડોદરામાં દોઢ ઈંચ વરસાદ ખાબકતા શહેરના ચાર દરવાજા વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. આ પાણી માંડવી વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડાના લોકર રૂમમાં પાણી ઘૂસી ગયા હતા. રવિવારે બેંક બંધ હોવાના કારણે આજે બેંક કર્મચારીઓ અને ગ્રાહકો બેંકમાં જતા લોકર રૂમમાં પાણી જોઈ ચોંકી ઉઠ્યા હતા. નોંધનીય છે કે, આ બેંકમાં દર વર્ષે લોકર રૂમમાં પાણી ભરાઈ જતા હોય છે. પરંતુ, બેંક સત્તાવાળાઓ દ્વારા લોકર રૂમમાં ભરાતા વરસાદી પાણી અંગે કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી.

વરસેલા દોઢ ઈંચ જેટલા વરસાદને કારણે ચાર દરવાજા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. જેને લઈને નીચાણવાળી તમામ જગ્યાઓ પર પાણી ભરાઈ ગયા હતા. જેમાં બેંક પણ બાકી નથી. ચાર દરવાજા વિસ્તારમાં બેંક ઓફ બરોડાની બ્રાન્ચ આવેલી છે. જેમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા. રવિવારે પડેલા વરસાદને પગલે બેંકમાં પાણી ભરાઈ ગયા હતા. જેથી બેંકના કર્મચારીઓ સહિત ખાતેદારો ચિંતામાં મૂકાયા હતા. વરસાદી પાણી લોકર રૂમ સુધી પહોંચી જતા ખાતેદારો પોતાની મૂડી અને લોકરમાં મૂકેલી કિંમતી વસ્તુઓને જોવા માટે ઉમટી પડ્યા હતા.

આ અંગે બેંકના ખાતાધારક ફારૂકભાઈએ જણાવ્યું હતુ કે, વડોદરા શહેરમાં ચાર દરવાજા વિસ્તારમાં બેંક ઓફ બરોડાની મેઈન બ્રાંચ આવેલી છે. જેમાં દર વર્ષની જેમ પાણી ભરાઈ ગયા હતા. આ વર્ષે ૧૫૩મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો, ત્યારે આ બેંકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પાણીની સમસ્યા યથાવત્ જોવા મળી રહી છે. બેંકના લોકરોમાં લોકોના રૂપિયા, સોનું-ચાંદી મૂકેલું હોય છે. જેમાં પાણી ભરાઈ જતા લોકો હેરાન-પરેશાન થઈ જાય છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આ વર્ષે ચાર દરવાજા વિસ્તારમાં વરસાદી પાણી નિકાલ કરવાનો કોઈ રસ્તો નથી. માત્ર ૧થી દોઢ ઈંચ વરસાદમાં જ દુકાનોની અંદર વરસાદના પાણી ઘૂસી જાય છે. ખાસ કરીને બેંક ઓફ બરોડાના લોકર વિભાગમાં પાણી ભરાઈ ગયું છે. બેંકમાં એટલું પાણી ભરાયું છે કે, લોકોને ચપ્પલ ઉતારીને લોકર રૂમમાં જવું પડી રહ્યું છે, જેથી તમામ લોકર ધારકો દ્વારા આ સમસ્યાનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

# ક્રૂરતાની હદ વટાવી, ૪ લોકશાહી સમર્થકોને ફાંસી : ૫૦ વર્ષમાં પ્રથમ વખત

નવીદિલ્હી,
મ્યાનમાર સરકારે નેશનલ લીગ ફોર ડેમોક્રેસીના ભૂતપૂર્વ સાંસદ, લોકશાહી તરફી કાર્યકર્તા અને અન્ય બે લોકોને ફાંસી આપી છે. ગયા વર્ષે સૈન્ય દ્વારા સત્તા પર કબજો કર્યા બાદ થયેલી હિંસાના પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. મ્યાનમારમાં પાંચ દાયકામાં પ્રથમ વખત કોઈને ફાંસી આપવામાં આવી છે.

અધિકૃત અખબાર 'મિરર ડેઈલી'માં આ ફાંસી અંગે માહિતી આપવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ચારેયને આતંકવાદી પ્રવૃત્તિઓ હેઠળ હત્યાના કૃત્યોમાં અમાનવીય સહયોગ અને હિંસા આચરવા અને આદેશ આપવા બદલ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. જો કે ફાંસી ક્યારે આપવામાં આવી તે જણાવવામાં આવ્યું નથી.

લશ્કરી સરકારે એક સંક્ષિપ્ત નિવેદન જારી કરીને સમાચારની પુષ્ટિ કરી હતી, પરંતુ જેલમાં કેદીઓને રાખવામાં આવ્યા હતા અને જેલ વિભાગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. 'રાષ્ટ્રીય એકતા સરકાર'ના માનવાધિકાર મંત્રી આંગ મ્યો મિને આ લોકો હિંસામાં સામેલ હોવાના આરોપોને ફગાવી દીધા હતા. તેણે કહ્યું કે તેને ફાંસીની સજા આપવી એ ડર દ્વારા લોકો પર રાજ કરવાનો પ્રયાસ છે.

ફાંસીની સજા પામેલાઓમાં ફ્યો જેયા થોનો પણ સમાવેશ થાય છે, જેઓ હકાલપટ્ટી કરાયેલી નેતા આંગ સાન સુ કીની સરકારમાં ભૂતપૂર્વ સાંસદ હતા, જેઓ મોંગ કવાન તરીકે વધુ જાણીતા હતા. બોમ્બ વિસ્ફોટ અને આતંકવાદને નાણાં પૂરા પાડવાના આરોપમાં જાન્યુઆરીમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ક્વાનની પત્ની થાજિન ન્યુંટ ઓંગે કહ્યું કે તેને તેના પતિની ફાંસી વિશે જાણ કરવામાં આવી નથી. તેણીએ કહ્યું કે હું પોતે તેની પુષ્ટિ કરવાનો પ્રયાસ કરી રહી છું.

૪૧ વર્ષીય કવાનની ગયા વર્ષે નવેમ્બરમાં ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૦૭માં 'જનરેશન વેવ' રાજકીય ચળવળના સભ્ય બન્યા તે પહેલાં તેઓ હિપ-હોપ સંગીતકાર પણ હતા. ભૂતપૂર્વ સૈન્ય સરકાર દરમિયાન વિદેશી હૂંડિયામણ અને ગેરકાયદેસર સંબંધો રાખવા બદલ તેને ૨૦૦૮માં જેલમાં પણ મોકલવામાં આવ્યા હતા. ક્વાન ઉપરાંત, ૫૩ વર્ષીય લોકશાહી તરફી ક્વાઈ મીન યૂને પણ આતંકવાદ વિરોધી કાયદાના ભંગ બદલ ફાંસી આપવામાં આવી હતી. ક્વાઈ મીન યુ જીમી તરીકે પણ ઓળખાતા હતા. ગયા વર્ષે ઓક્ટોબરમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

આ ઉપરાંત, હ્લા મ્યો ઓંગ અને ઓંગ થુરા જો, જેઓ માર્ચ ૨૦૨૧ માં લશ્કરના બાતમીદારો હોવાની શંકામાં એક મહિલાને ઉત્પીડન અને હત્યા કરવાના દોષી ઠેરવવામાં આવ્યા હતા, તેમને પણ ફાંસી આપવામાં આવી હતી. એશિયામાં હ્યુમન રાઈટ્સ વોચના કાર્યવાહક નિર્દેશક એલેન પીયર્સનએ જણાવ્યું હતું કે ચારેય સામેની કાનૂની કાર્યવાહી તદ્દન અન્યાયી અને રાજકીય રીતે પ્રેરિત લશ્કરી કાર્યવાહી હતી. માનવ અધિકારના મુદ્દાઓ પર યુએન દ્વારા નિયુક્ત સ્વતંત્ર નિષ્ણાત થોમસ એન્ડ્રૂએ આ કેસ માટે મજબૂત આંતરરાષ્ટ્રીય પ્રતિસાદની હાકલ કરી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. મિત્રો અને પ્રિયજનો માટે તમે વધુ ચિંતિત દેખાશો. આજે સ્વભાવમાં નરમાઈ રહેશે પરંતુ તમે તમારા હિત માટે ગુસ્સે પણ થશો. આળસને લીધે કાર્ય વ્યવસાય પર અસર થશે.

વૃષભ : લાંબા સમય પછી તમને આજે કોઈ સારા સમાચાર સાંભળવા મળશે. આજે અટકેલા પૈસા પણ સાંજ સુધીમાં હાથમાં આવશે. આજે ખર્ચો આવક કરતા બમણો થશે.

મિથુન : પારિવારિક વાતાવરણમાં શાંતિ અને સુમેળ જળવાઈ રહેશે. લગ્ન કરવા માગતા માટે સમય અનુકૂળ છે. વેપારી વર્ગો નવા ઉત્પાદનોને વ્યવસાયમાં સામેલ કરશે. આર્થિક સ્થિતિ સારી રહેશે અને રોકાણથી પણ ફાયદો થશે.

કર્ક : કાર્યસ્થળ પર બાબતોમાં સુધાર થશે અને તમારા મુજબ વાતાવરણ બનશે, જે કામ કરવાનું સરળ બનાવશે. માતા-પિતા તરફથી સંપૂર્ણ સપોર્ટ રહેશે. રાજકારણમાં ભાગ લેવાની તક આવશે અને રોકાણ કરવાથી તમને વધારે ભંડોળ મળશે.

સિંહ : આજે કાર્યક્ષેત્રમાં અન્ય પર આધાર રાખશો નહીં, કેટલીકવાર તમારી પોતાની શરતો પર કામ કરવાનો પ્રયાસ કરો. સ્વાસ્થ્યમાં થોડી વધઘટ રહેશે, આંખો અથવા કમર અને ખભાને લગતી સમસ્યાઓ પરેશાન કરી શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે સાવચેત રહેવાની સલાહ છે કારણકે આજનો દિવસ તમારી અપેક્ષાથી ઘણો વિરોધી સાબિત થવાનો છે. પરિવારમાં તણાવ ટાળો અને પિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

તુલા : આજે તમને અન્ય દિવસોની સરખામણીમાં વધુ આળસ રહેશે. ઘણા દિવસો સુધી અટકેલા વર્કને કરવાની ફરજ પડશે, નહીં તો ઘરમાં વિખવાદનો ભય રહેશે.

વૃશ્ચિક : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. પૈસા સંબંધિત બાબતોમાં વધુ ધ્યાન રાખો. આજે કોઈની પાસેથી મદદની અપેક્ષા રાખશો નહીં. કોઈપણ પ્રકારની અટકળોથી રોકાશો નહીં, પ્રગતિ અટકી જશે.

ધનુ : ઘરમાં વાણી ઉપર નિયંત્રણ રાખો. તમે ધંધામાં જે મહેનત કરી છે, તે મુજબ લાભ થશે. ધંધામાં સકારાત્મક પરિવર્તન નફાની સ્થિતિમાં પરિણમશે. વિદ્યાર્થીઓ ગુરુઓના આશીર્વાદ મેળવશે.

મકર : આ દિવસે સ્વાસ્થ્યમાં સુધારો થશે, પરંતુ પ્રકૃતિમાં ચીડિયાપણુ હોવાને કારણે આસપાસના લોકોની મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. રાજકારણથી સંબંધિત લોકોના પ્રભાવના ક્ષેત્રમાં વિકાસ થશે.

કુંભ : ધાર્મિક કાર્ય સાથે સંકળાયેલા લોકોની ખ્યાતિ વધારવામાં આવશે અને રોજગાર ક્ષેત્રે આવતી સમસ્યાઓના નિરાકરણ મળશે. વરિષ્ઠ વ્યક્તિની સહાયથી ઘરનું અટકેલુ કાયદાકીય કાર્ય પૂર્ણ થશે.

મીન : આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. ઓફિસમાં સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને ભૂલો થયા પછી પણ તમે માફ કરવા માટે તૈયાર છો. આર્ટના વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા પાલિકાના પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલી

# શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહેતા મચ્છરજન્ય રોગચાળનો ભરડો





**બસ સ્ટેશનના મુખ્ય દ્વાર પાસે મસમોટા ખાડાને લઈ વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાન**

ગોધરા,

ગોધરા શહેરના મદયમાં આવેલ એસ.ટી.બસ સ્ટેશન ખાડી ફળીયા, ઝુલેલાલ સોસાયટી સહિતના મોટાભાગના તમામ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સાથે રોડ ઉપર પડેલ મોટા ખાડાઓને લઈ રહિશો પરેશાન થઈ રહ્યા છે. પાલિકા તંત્ર દ્વારા ચોમાસા પૂર્વ મોટી વાતો સાથે પ્રિમોન્સુન કામગીરી થવાની વાતો કરાતી હતી તે માત્ર પોકળ સાબિત થઈ છે.

ગોધરા શહેરમાં ચોમાસાની સીજનના વરસાદ સાથે પાલિકાની પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલ્લી પડી છે. શહેરની મદયમાં આવેલ એસ.ટી.બસ સ્ટેશનના પ્રવેશ દ્વાર ઉપર મસમોટા ખાડા પડી ગયા છે. આ ખાડામાં પાણી ભરાવાને લઈ વાહન ચાલકો અને રાહદારીઓ હાલાકી વેઠવી પડી રહી છે. બસ સ્ટેશનના ગેટ પાસે ખાડાનું માટી પૂરણ કરાવીને સમારકામ કરાવવાની તસ્દી લેવામાં આવતી નથી. આ ખાડાઓને લઈ અવારનવાર નાના વાહન ચાલકોને નાની મોટી ઈજાઓ થતી હોય છે. શહેરના માર્ગો ઉપર ખાડાઓ વહેલી તકે પૂરણ કરીને નગરજનોને રાહત આપે તે જરૂરી છે.

ગોધરા શહેરના ખાડી ફળીયા ચિત્રાખાડી, ઝુલેલાલ સોસાયટી સહિતના અનેક વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલના અભાવે વરસાદી પાણી ભરાઈ રહેવાને લઈ મચ્છરજન્ય રોગચાળો ફેલાયેલ જોવા મળે છે. આ વિસ્તારોમાં ઝાડા ઉલ્ટી, ડેન્ગ્યુ, મેલેરીયા જેવી બિમારીઓને લઈ દવાખાના ઉભરાઈ રહ્યા છે. ત્યારે આવા વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે તે જરૂરી છે.

### વડોદરા સિંચાઈ તથા ગોમમા યોજના વિભાગ હાલોલ તેમજ PSC અને

## મકાન અને માર્ગ વિભાગના આમ ચાર કામદારોને સરકારના પરિપત્ર મુજબ લાભો વંચિત રાખતા હાઈકોર્ટ દ્વારા તમામ લાભો આપવાનો આખરી આદેશ

ગોધરા,

ગુજરાત સરકારની હાલોલ મુકામે આવેલ નાકાઈ ગોમા યોજના પેટા વિભાગ માં રોજમદાર તરીકે તારીખ ૨૩/૧૧/૮૧ ના રોજ થી ફરજ બજાવતા અશ્વિનભાઈ રણછોડભાઈ પટેલ તારીખ ૩૧/૧૨/૨૧ ના રોજ નિવૃત કરે પરંતુ તેઓને નિવૃત્તિના કોઈ પણ લાભો આપવામાં આવેલ ન હતા. તેમજ વર્ષોથી પીએચસી કેન્દ્ર ધારપુરા તથા રીછવાણી કેન્દ્રમાં ફરજ બજાવતા કાંતિભાઈ પુનાભાઈ રાવલ તથા ભરતભાઈ મગનભાઈ હરીજન સફાઈ કામદાર કમ પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. તેઓને સરકારના નિયત કરેલ લઘુત્તમ વેતન ધારા મુજબ પગાર ચૂકવતા ન હતા અને મકાન અને માર્ગ વિભાગમાં ફરજ બજાવતા લાડુબેન ઉજમાંભાઈ જેઓનું નિવૃત્તિ સમય અધૂરૂં અને અપૂરતું પેન્શન તથા ગ્રેજ્યુટી ચૂકવવામાં આવેલ ત્યારબાદ તેમનું અવસાન થતાં તેમના વારસ પુત્ર પુનાભાઈ ઉજમાભાઈ વિગેરેને સરકારના નિયત કરેલ લાભોથી વંચિત રાખતા તમામ લાભો મેળવવા કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈ કાલોલ પંચમહાલનો સંપર્ક કરી તેઓને થયેલા અન્યાય બાબતે રજૂઆત કરતા ફેડરેશન થકી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરેલ જે વિવાદ ચાલી જતા કેસમાં પડેલા પુરાવા આધારિત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અશ્વિનભાઈ પટેલની રોજમદાર તરીકેની સળંગ નોકરીની દાખલ તારીખ થી નિવૃત્તિ તારીખ સુધી સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો સહિત ના તમામ લાભો આપવા તેમજ પીએસસીના બે કામદારોને સરકારના ૧૬/૭/૧૯ ના પરિપત્ર મુજબ રૂપિયા ૧૪,૮૦૦ માસિક ફિક્સ પગાર ચૂકવવા તદુપરાંત મકાન અને માર્ગ વિભાગના ગુજરનાર વારસ પુત્ર અરજદારની રોજમદાર તરીકેની સળંગ નોકરી ઘણી બાકી નીકળતું પેન્શન ગ્રેજ્યુટી તથા અન્ય બાકી નીકળતા લાભો આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશથી આ કામદારો અને તેમના પરિવારમાં આનંદ છવાયો.

## કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભુંડ અને રોઝના ત્રાસ થી પાકને બચાવવા ખેડુતોને કપડાની વાડ કરવા મજબુર

### મોંઘાભાવના બિચારણો લાવી ખેતી કર્યા પછી જંગલી ભુંડ અને રોઝના ત્રાસથી ખેડુતો પરેશાન



> ગામડાઓનું માથાદીઠ ખેત ઉત્પાદન ઘટ્યું પરંપરાગત ખેતી પરવડતી નથી અને ખેતી મોંઘી બની રહી છે. ખર્ચ સામે ઉત્પાદન મળે છે, પરંતુ જ્યારે પાક તૈયાર થાય છે. ત્યારે પોષણક્ષમ ભાવો મળતા નહીં હોય ખેડૂતો ખેતી છોડી રહ્યા છે અને નીલગીરી જેવા વૃક્ષો વાવી આવક મેળવવા તરફ વળી રહ્યાં છે. આ વિસ્તારના અનેક હેક્ટરો જમીનમાં ખેતી બંધ કરી ખેડૂતોએ નીલગીરીના ટિસ્યુની વાવણી કરી દેતા તાલુકાના આ ગામડાઓનું માથાદીઠ ખેત ઉત્પાદન ઘટ્યું છે.

કાલોલ,

કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના ખેડુતો ખેતી કરવી મુશ્કેલ બની છે. ખેતરોમાં ભુંડ અને નીલ ગાયોના ત્રાસ વધ્યો છે. ખેડુતોમાં ખેતરોમાં વાવેતર કરતાની સાથે જ પાકનું રક્ષણ કરવા માટે મોઘા ભાવે થી કપડું ખરીદી કરીને કપડાની વાડ કરવામાં આવતી હોય છે. તેમ છતાં રોઝ અને ભુંડ ખેતરોમાં ઘુસી જઈને ઉભા પાકને નુકશાન કરી રહ્યા છે. એક તરફ ચોમાસાની સીઝનમા મોંઘા ભાવના બિયારણ લાવીને ડાંગર, કપાસ, શાકભાજી તેમજ ગલગોટા જેવા પાકોનું વાવેતર કરતા હોય છે. પરંતુ રોઝ અને ભુંડના ત્રાસ થી ખેડુતો પરેશાન થઈ રહયા છે. ગામડાઓમાં માથાદીઠ ખેત ઉત્પાદન ઘટ્યું જેને લઈ ખેડુતો હવે પરંપરાગત ખેતી પરવડતી નથી. તેમજ ખેતી મોંઘી બને છે. ખેડુતોને ખર્ચ સામે ઉત્પાદન મળે છે. પરંતુ જ્યારે પાક તૈયાર થયા પછી પોષણક્ષમ ભાવો મળતા નથી સાથે ખેતરોમા પાકોને ભુંડ અને રોઝના રંજાડ થી થાકીને અમુક ખેડુતો ખેતી છોડીને નીલગીરીનું વાવેતર કરવા તરફ વળી રહ્યા છે.

## ગોધરા તાલુકાના સામલી બેટીયા રોડ ઉપર ડમ્પર ચાલકે બાઈકને અડફેટમાં લેતા બે યુવકના મોત : એકને ગંભીર ઈજાઓ

ગોધરા,

ગોધરા તાલુકાના સામલી બેટીયા થી ડાંકટરના મુવાડા જવાના માર્ગ ઉપર બાઈક ઉપર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા હોય ત્યારે અજાણ્યા ડમ્પર ચાલકે અડફેટમાં લેતાં બાઈક સવાર બે વ્યકિતનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના સામલી બેટીયા થી ડાંકટરના મુવાડા જવાના માર્ગો ઉપર થી અશોકકુમાર અરવિંદભાઈ પરમાર તેમની બાઈક નંબર જીજે.૦૭.સીસી.૩૭૩૧ ઉપર નિલેશ સોમાભાઈ પટેલીયા ઉ.વ.૧૭ અને અલ્પેશ પ્રવિણભાઈ પટેલીયા ઉ.વ.૧૮ને દવા સારવાર માટે ગોધરા સિવિલમાં લઈ આવતા હતા. દરમિયાન અજાણ્યા ડમ્પર ચાલકે બાઈકને અડફેટમાં લઈ અકસ્માત કરતાં બાઈક પાછળ બેઠેલ યુવકે નિલેશ તથા અલ્પેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે મોત નિપજાવી તેમજ અશોકભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી વાહન ચાલક નાશી છુટતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા મજાવર રોડ ઉપર ક્રિકેટ લાઈવ મેચનો ક્રિકેટ સટ્ટો રમાડતા એક ઈસમને ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેર મજાવર રોડ ભીલોડીયા પ્લોટ દાળની ગલીમાં ઈંગ્લેન્ડ- આફ્રિકાની મેચ જીવંત પ્રસારણ ઉપર હારજીતનો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી એક ઈસમને ૯૭,૧૦૦ /-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા મજાવર રોડ ભીલોડીયા પ્લોટ દાળ મીલવાળી ગલીમાં જુલ્ફીકાર શોકત હુસેન દાવ અને કિશોરી ઉધવદાસ સેવાણી આર્થિક લાભ માટે ઈંગ્લેન્ડ-સાઉથ આફ્રિકાનછ મેચના જીવંત પ્રસારણ ઉપર હારજીતના જુગાર રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી એલ.ઈ.ડી. ટી.વી. તથા સેટ અપ બોકસ, મોબાઈલ નંગ-૧૩, લેપટોપ-૧ તેમજ ક્રિકેટ મેચના સટ્ટાને લગતા આંકડા લખેલ ડાયરી મળી કુલ ૯૭,૧૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે જુલ્ફીકાર શોકત હુસેન દાવને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે કિશોર ઉધવાસ સેવાણી ઉર્ફે કચોરી હાજર નહી મળી આવતાં વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો.

## ગોધરામાં બોગસ ખેડુતો બનાવવાના કિસ્સામાં અધિકારી-કર્મચારીની ખાતાકીય તપાસ માટે પંચમહાલ જીલ્લા કલેકટરને મહેસુલ વિભાગ દ્વારા આદેશ આપ્યા હોવાની ચર્ચાઓ

ગોધરા,

ગોધરાના જાગૃત નાગરિક દ્વારા મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા પંચમહાલ જીલ્લાના કલેકટર અને મેજીસ્ટ્રેટ ગોધરા સમક્ષ બોગસ ખેડુત બનાવેલ મામલતદાર અને કૃષિ પંચ શહેર (એમ.એમ.ભાભોર તથા શહેર ગોધરાના અરવિંદ રાજપૂત નાયબ મામલતદાર સામે ગણત કેસ નં.૧/૨૦૨૦ બાબતે નાગરિક દ્વારા કૃષિપંચ મામલતદાર શહેર કચેરી ગોધરા દ્વારા આપેલ રેકડી પુરાવા જવાબ સાથે રજુ કરેલ કૃષિપંચ કોર્ટ દ્વારા હાલના ફરજ બજાવતા અધિકારી અને કર્મચારી દ્વારા ખુબ જ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ બોગસ ખેડુતો બનાવેલ છે. આમ, ગોધરા કસબાની રે.સ.નં.૩૦૧/૧/૧૭ વાળી જમીન (સીટી સર્વેમાં તબદીલ થયેલ ગયેલ છે. જેની નોંધ નં. ૧૯૭૨ વેચાણ થયેલીની નકલ રજુ કરેલ અને તેમ છતાં ઈ-ધરા નાયબ મામલતદાર તરીકે જે તે સમયે ફરજ બજાવતા કે.આર.શાહ પાસે સીટી સર્વે ત બદીલી હોવા છતાં એ.આઈ. મદારી દ્વારા ખોટી વારસાઈ બિનખેડુતો હોવા છતાં પેરવી કરી કરાવવાના પ્રયત્નો કરેલ પરંતુ જે તે સમય કે.આર.શાહ ઈ-ધરા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નિષ્ફળ એ.આઈ.મદારી દ્વારા જે તે સમયે કોઈ વારસાઈ કરેલ નથી. ત્યારબાદ અવારનવાર કર્મચારીઓએ ખોટી વારસાઈ કરેલ નથી. ત્યારબાદ પરેશ પટેલ ઈ-ધરા દ્વારા નોંધ નંબર ૬૧૨૮૮ થી કર્મચારીનું દયાન દોર્યા વગર બોગસ ખેડુતો હોવા છતાં ખેડુતો બનવા ખોટી વારસાઈ કરાવેલ છે. જાગૃત નાગરિક દ્વારા વધુ પુરાવા દયાને ના લેવાના કારણે ખાતાકીય તપાસ બાબતે તા.૧૫/૬/૨૦૨૨ના જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ (આઈ.એ.એસ.) સુજલ મયાત્રા તરફ અરજી કરેલ તે બાબતે યોગ્ય આગળની કાર્યવાહી કરી રીપોર્ટ સાચો અને હીકકતો સાથે કાયદા તથા સરકારશ્રીના પરિપત્રો, ઠરાવો અંગેની યોગ્ય કાર્યવાહી થયેલ છે.

આમ, જાગૃત નાગરિક દ્વારા કાયદા મંત્રી અને મહેસુલ રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા જણાવેલ મીડીયા દ્વારા કોઈપણ બોગસ ખેડુતો હોય તો જાતે નિકળી જાય અને જો કોઈપણ કર્મચારીઓ, અધિકારીઓ વિરૂદ્ધ બોગસ ખેડુતો બનાવવાની મારી સમક્ષ અરજી આવશે તો હું તે કર્મચારીઓ, અધિકારીઓ સામે ખાતાકીય પગલાં તથા જરૂર પડશે તો હું સસ્પેન્ડ પણ કરી નાખીશ તેથી સખત થી સખત સુચનાઓ આપેલ છે. જેથી અરજદાર જાગૃત નાગરિક એ યોગ્ય બાબતે ગોધરા શહેર કૃષિપંચ મામલતદાર એમ.એમ.ભાભોર તથા નાયબ હાલના ફરજ પરના અરવિંદ રાજપૂત સાથે ગુજરાત સરકાર કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તરફ યોગ્ય ખાતાકીય તપાસ પુરાવા સહિત મોકલી આપેલ છે.

આમ, જાગૃત નાગરિક દ્વારા તા.૧૬/૬/૨૦૨૨ના રોજ મંત્રીશ્રી મહેસુલ આપ્રિત વ્યવસ્થાપન કાયદા અને ન્યાય તંત્ર વૈધાનિક અને સંસદીય બાબતનું કાર્યાલય ગુજરાત સરકાર ક્રમાંક : ૨૬૧૦ થી સરકારશ્રી આજ્ઞા અનુસાર તેવો તરફથી પ્રજાલક્ષી પહોંચ તા.૧૫/૭/૨૦૨૨ના રોજ પાઠવવામાં આવેલ છે અને તેઓ તરફથી મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી (વીજીલન્સ) તરફ મળી મંત્રીની આજ્ઞાનુસાર વિનંતી છે. જે બાબતે જાગૃત નાગરિક દ્વારા તપાસ કરતા મહેસુલી વિભાગ તરફ જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ પંચમહાલ તરફ કાર્યવાહી સારું ગુજરાત સરકારશ્રી મોકલી આપેલ છે. આમ, જાગૃત નાગરિક દ્વારા બોગસ ખેડુતોના આધાર પુરાવા મોકલી આપેલ છે. આમ, જાગૃત નાગરિક દ્વારા બોગસ ખેડુતોના આધાર પુરાવા સહીતની રજુઆતો મુખ્યમંત્રી સ્વાગત ગુજરાત સરકાર (મુમક Reg /૨૦૧૯/૫૦૪૭૬) તથા મહેસુલી તપાસણી કમિશ્નર ક્રમાંક/મતક/એસ.આર./૨૫/૨૦૧૨/૨૦૧૪ સાથેની તમામ રેવન્યુ રેકડી આધાર પુરાવા સહીત સાચી અને ગળે વળગે તેવી હકીકતો બાબતે ખોટા કાયદા વિરૂદ્ધ કૃષિપંચ મામલતદાર ગોધરાના એમ.એમ.ભાભોર અને નાયબ શહેર મામલતદાર મહેસુલ અરવિંદ રાજપૂત દ્વારા અરજદારના જવાબ પુરાવા નહી તાકી ચાલુ કેસ ગણત-૧/૨૦૨૦માં રેવન્યુ રેકર્ડની હકીકતો નહી લખી ખોટા કાયદાનો ભંગ કરેલ છે. જેથી જાગૃત નાગરિક દ્વારા ગુજરાત સરકાર ગાંધીનગર સુધી ટાંટીયા લંબાવી બોગસ ખેડુતો બનાવેલ બાબતે ખાતાકીય તપાસ તથા સસ્પેન્ડ કરવા બદલ શહેર મામલતદાર તથા નાયબ મામલતદાર નામજોગ મહેસુલ અને કાયદા મંત્રી સમક્ષ પુરાવા સહીત અરજી કરેલ છે. જે બાબતે જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ યોગ્ય પુરેપુરી ગણત કેસના તમામ પુરાવા સાચા અને ખરા હોય યોગ્ય ખાતાકીય તપાસ કરવાની આશાઓ સાથે ન્યાયના હિતમાં ન્યાય મળે અને યોગ્ય કાર્યવાહી થાય તેવી નાગરિક દ્વારા આશાઓ છે.

## હાલોલમાં આપના કાર્યકરોએ રોડ ના ખાડા પુરી ધારાસભ્યના જન્મ દિવસની ઉજવણી કરી



હાલોલ,

હાલોલ ગુજરાતના ભાજપના મંત્રી, ધારાસભ્યના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી રહ્યા છે. ત્યારે આપના કાર્યકરો હાલોલ મુખ્ય રોડના ખાડા પુરી રહ્યા છે. ૨૭ વર્ષ સુધી ભાજપ સરકાર પોલ હાલોલ થી ભાજપનો ભ્રષ્ટાચાર ખુબ જ મોટો છે.

આજ રોજ ૧૨૮ હાલોલ વિધાનસભા આમ આદમી પાર્ટી પરિવાર દ્વારા હાલોલના સ્વઘોષિત લોકલાડીલા ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના જન્મદિવસ નિમિત્તે છેલ્લા ૩ વર્ષથી ભુગર્ભ ગટર યોજનાના નામે થયેલા ભ્રષ્ટાચારના કારણે બિસ્માર થયેલ હાલોલ નગરના ખાડાઓ પુરવાના કાર્યક્રમનું આયોજન કરી ધારાસભ્યના જન્મદિવસની સપ્રેમ ભેટ રૂપે હાલોલ નગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ખાડાઓ પુરવામાં આવ્યા હતા. જેમાં હાલોલ વિધાનસભાના સંગઠન મંત્રી ભરત રાઠવા તેમજ આમ આદમી પરિવારના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.